
**ભારતીય ભૂમિખંડના દેશોના વિદેશ પ્રધાનો કાઠિયાવાડના રંગપુર ખાતે સુરજભાણ જાડેજાને મહેલે શાંતિ મંત્રણા માટે મળી રહ્યા છે. પણ નનામો સંદેશ આવે છે કે પાકિસ્તાનના વિદેશ પ્રધાનનું ખૂન થશે અને એની સામે કશા હથિયાર કારગત નહીં થાય! આવા અજાયબ મામલામાં દુર્ઘટના ટાવા માટે અજય-રાધિકાને નિમંત્રણ અપાય છે. અહીં એક બાજુ નેતાઓની વાટાઘાટો ચાલે છે અને બીજી બાજુ રમડાંના સિપાઇઓ રંગાય છે...**

# ધમકી આપનારનો આભાર! એને પ્રતાપે રજવાડી મહેમાનગતી મળી!



## ખાડો ખોદે તે...: 2

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

અનવર હુસેનને ઉતારેથી નીકળીને મહેલના બગીચામાં લટાર મારતાં અજયે ધીમે અવાજે કહ્યું, 'તો આ માટે આપણને નિમંત્રણ મળ્યું છે, રાધિકા. મારો બેટો ધમકી આપનારો ય ખરો છે. ખાલી બે વાક્યો લખવાનો શો મતલબ? અને ધમકી આપવી જ છે તો આવી ગોળગોળ શી આપવી? એક ઘા ને બે કટકા જેવી ન અપાય?'

'ધમકી આપનારનો આભાર માનો, અજયબાબુ! એની અસ્પષ્ટતાને પ્રતાપેસ્તો આપણને રજવાડી મહેમાનગતીનો લાભ મળ્યો છે. જુઓ, પેલો ભાઇ જમવા જ બોલાવતો લાગે છે.'

રંગપુરનો રાજમહેલ એ સાંજે શુભેચ્છાઓથી ગીચોગીચ ભરાઇ ગયો હતો. રાજપુરુષો, સચિવો, યજમાન અને મહેમાનો (ગણીને બેઃ અજય વર્મા અને રાધિકા ચેટરજી), સૌ પરસ્પર એટલા સ્નેહ અને સદ્ભાવથી પેશ આવી રહ્યા હતા કે સાંજે અનવર હુસેને જણાવેલી ખૂનની ધમકીની વાત કોઇ ઈતર દુનિયાની લાગે, એટલી બધી પ્રેમાળ લાગણીઓનું સામ્રાજ્ય જામેલું હતું કે એમાં હિંસા ગાબડું પાડી શકે એવી કલ્પના જ ન કરી શકાય.

કાઠિયાવાડનું જમવાનું હતું એટલે સમગ્ર રસોઇના સરતાજને સ્થાને કેસર કેરી હોય એ સ્વાભાવિક હતું. કેરીનો રસ કાઢવામાં આવ્યો હતો અને ટુકડા પણ કાપવામાં આવ્યા હતા. સૂરજભાણ બાપુએ જણાવ્યું કે પચાસના દાયકાની અધવચ્ચે આ કેસર કેરીએ ભારત અને સોવિયેત સંઘ વચ્ચે મીઠા સંબંધો બાંધી આપ્યા હતા.

સૂરજભાણ જાડેજાની આ કેસર પ્રશંસાથી પ્રેરાઇ હોય કે એમની પોતાની મજાક પરસ્તીને કારણે હોય, સાહેબજાદા દિલાવરખાનજીએ ઉમેર્યું કે 1947માં ભાગલા વખતે જૂનાગઢને પાકિસ્તાન સાથે ભેળવવાના આગ્રહ માટે અમારા વડેરાઓનું ખાસ કારણ એ જ હતું કે તેઓ કેસરથી વંચિત રહેવા માગતા નહોતા!

સાહેબજાદાની આ 'જોક' (કારણ કે એ જોક જ હતી!) ઉપર જમવા બેઠેલા સૌ હસી પડ્યા.

સોહન દયાલે કેસર પહેલી વાર ચાખી અને આટલી જિંદગી એથી વંચિત રહેવા બદલ અફસોસ વ્યક્ત કર્યો.

ભોજનમાં ફજેતો પણ હતો. ત્રણે વિદેશ પ્રધાનોને ફજેતાનું હિન્દી-અંગ્રેજી કરીને સંભળાવવામાં આવ્યું ત્યારે તો એને લઈને એટલી બધી જોક્સ ચાલી કે હાજર સૌની આંખોમાં પાણી આવી ગયા.

જમનારાઓમાં એક માત્ર મહિલા રાધિકા હતી. એને પણ બધાએ ખૂબ બિરદાવી. સાહેબજાદાએ તો એને ખુલ્લી ઓફર કરી દીધી કે જો તને આટલો સરસ ફજેતો કરતા આવડતું હોય તો હું તને ચોથી બેગમનું ગૌરવભર્યું સ્થાન ઓફર કરવા તત્પર છું.

ભોજનના ટેબલ પર અજયનું સ્થાન સોહન દયાલ અને સમરસિંહ જાડેજાની વચ્ચે હતું. આટલી વારમાં સમરે અજય તરફનો અણગમો ઓગાળી નાખ્યો લાગતો હતો. એણે છેલ્લે આઈસ્ક્રીમ ખાતા કહ્યું, 'સૂરજભાણ બાપુના તમે આટલા માનીતા હશો એની મને ખબર નહીં.'

**આજે અપરાધીઓ પાસે ઉત્તમ સાધનો છે, જેમની પચાસેક વર્ષ અગાઉ કલ્પના પણ નહોતી. વળી, અશક્ય અપરાધ કરવાનું કોઇ મહાબુદ્ધિશાળીને સૂઝે પણ ખરું!'**

'હું એમને મન પોતાના બાળક બરાબર છું. એમના એક કુંવર મારી સાથે ડિફેન્સ અકાદમીમાં હતાં.'

'મેં તો માનેલું કે તમને મહેમાનોના રક્ષણ માટે બોલાવવામાં આવ્યા છે.'

'તમારી માન્યતા ખરી જ છે, સમરસિંહજી,' અજયે નિખાલસપણે જણાવ્યું. 'વિદેશ મંત્રાલયને નનામી ધમકી મળી, એટલે જ એક ડિટેક્ટીવ તરીકે મને બોલાવવામાં આવ્યો છે.'

'એ ધમકી વિશે તમારો શો અભિપ્રાય છે?'

'હજુ કશો અભિપ્રાય બાંધી શકાયો નથી.'

'પણ અહીં સિક્યોરિટીમાં તમારી શી ભૂમિકા છે, એ પૂછી શકું?'

'જરૂર પૂછો અને તમે બાપુના અંગત સચિવ છો એટલે હું જવાબ પણ દઈશ. પોલીસના અને સિક્યોરિટીના માણસો બહાર નજર રાખી શકે છે. હું છેક અંદર સુધીની પહોંચ ધરાવું છું. મારે અંદર નજર રાખવાની છે. જો કશુંક બને-'

'પણ આટઆટલી સિક્યોરિટીમાં બને જ શું? કોઈ મંતર મારે? મૂઠ મારે.' યજ્ઞ માંડીને હોમાત્મક બલિદાન આપે?'

'આધુનિક વિજ્ઞાન એવી વાતો માનતું નથી, સમરસિંહજી.'

'બરાબર, પણ આધુનિક વિજ્ઞાને પણ અપરાધકારોના હાથમાં ઘણાં ઘણાં સાધન મૂક્યાં છે!'

'એની ચિંતા નહીં, સમરસિંહજી, કારણ કે અપરાધ શોધકોને પણ વિજ્ઞાને એટલાં જ સાધન આપ્યાં છે, જે કદાચ વધુ અસરકારક છે.'

'એટલે મિસ્ટર વર્મા, તમે એમ ધારો છો કે અપરાધશોધક હંમેશા અપરાધી કરતાં વધુ ચતુર હોય? ઉંટ કાઢે ઢેકા તો માનવી કરે કાઠાં, એ રીતે?'

'અરે એ વધુ ચતુર હોય કે ન પણ હોય, એ વધારે સચેત હોવાના કારણે એનો અંતિમ વિજય નિશ્ચિત હોય છે.'

'તમે ઘણા આશાવાદી છો, મિસ્ટર વર્મા! પરંતુ મારું માનવું છે કે એવા બુદ્ધિશાળી અપરાધીઓ જરૂર હોઈ શકે, જેમને અપરાધશોધકો ઝબ્બે ન કરી શકે. હા, ચોરી-લૂંટ, બનાવટી ચલણ જેવા અપરાધોમાં અપરાધી પકડાઈ જ જાય એવું બની શકે. એણે લૂંટેલા નાણા વટાવવા કે ઘરેણા વેચવા કે બનાવટી નોટો ઘૂસાડવા કોશિશ કરવી પડે છે અને એમાં પકડાઈ જવાય છે પણ આ નિયમ હત્યાને લાગુ નથી પડતો.'

'કદાચ તમારી વાત સાચી હશે,' અજયે મસ્તક હલાવ્યું. 'કદાચ આ જ કારણે પોલીસે હત્યાને લગતી અસંખ્ય ઘટનાઓને 'ફાઈલ' કરી દેવી પડે છે, અને છતાં કોઈ હોંશિયાર અપરાધશોધક હોય તો રહસ્ય ઉકેલી પણ શકે છે. જો કે એક પરિબળનો ખ્યાલ આવી જાય તો રહસ્યશોધન સરળ બની જાય છે.'

'એ કયું પરિબળ?'

'હેતુ મોટિવ'.

'આઈ.સી. પરંતુ કશા જ હેતુ વગર કોઈ ખૂન કરે, એ શું શક્ય નથી?'

'છે. પરંતુ એને આપણે માણસ ન ગણી શકીએ.' પાગલ પશુ જ એવું કરે.' અજયે તિરસ્કારથી કહ્યું.

'બરાબર, બરાબર', તમને હવે આ તાત્વિક ચર્ચાથી કંટાળો આવતો જણાયો. 'આપણે અહીંની વાત કરો ને! શું કોઈ વ્યક્તિ કદાપિ ન પકડાય એવી રીતે સાહેબજાદાનું ખૂન કરી શકે?'

'એ અશક્ય તો નથી જ,' અજયે આખરે કબૂલ કરવું પડ્યું. 'અપરાધી અગર અત્યંત કુશળતાથી અપરાધ કરે, આસાનીથી છટકી જાય અને પાછળ કશો પુરાવો ન મૂકે... ધર્મઝનૂન કે એવા પ્રકારનું પાગલપણ ધરાવતો માણસ આવી કુનેહ ધરાવતો હોય એમ બની શકે.'

'અને હવે કદાચ મારું કહેવું તમને સમજાશે. આજે અપરાધીઓ પાસે ઉત્તમ સાધનો છે, જેમની પચાસેક વર્ષ અગાઉ કલ્પના પણ નહોતી. વળી, અશક્ય અપરાધ કરવાનું કોઈ મહાબુદ્ધિશાળીને સૂઝે પણ ખરું!'

'આ... હા! હવે રોમેન્ટિક મુદ્દો આવ્યો! અપરાધીને ખાત્રી અપરાધ! પરંતુ એનીય પનિશમેન્ટ મળે છે, મિસ્ટર જાડેજા!'

'તમારી સાથે ક્રાઈમ એન્ડ પનિશમેન્ટની ચર્ચા કરવાની ખૂબ મજા આવી. ચાલો, હવે હું નર્સરીમાં પહોંચું. મેં રાહુલને પ્રોમિસ આપ્યું છે કે આજે રાત દરમિયાન તારા બે નવા સિપાઈઓને રંગી આપીશ. ચાલો, ગૂડ નાઈટ'

'ગૂડ નાઈટ', અજયે કહ્યું, અને સમર હવે રંગકામ કરવાનો હતો એના સંદર્ભમાં ઉમેર્યું, 'અને... હેપી કલર્સ!'

- એ પછી વળી વાળુવેળા થઈ. રિવાજ પ્રમાણે જ, હસતાં-બોલતાં સૌએ ભોજન કર્યું. પછી દરેક જણે પોતપોતાની નિયત પ્રવૃત્તિ શરૂ કરી. ત્રણે રાજપુરુષો પાછા મંત્રણા ગૃહમાં જઈને બેઠા. એમના ત્રણેય સચિવોએ અને સૂરજભાણ જાડેજાએ ગંજીપો ઉઠાવ્યો. સમરસિંહે વળી સન સત્તાવનના સિપાઈઓને રંગવા માટે નર્સરીની વાટ પકડી. અજય અને રાધિકાએ નાનકડા રાહુલને વાર્તાઓ કહીને ઉંઘાડવાનું કામ અપનાવી લીધું.

લગભગ મધરાતે વળી સૌ ડાઈનિંગ હોલમાં ભેગા થયાં. અહીં સૌને પોતપોતાની રુચિ અનુસાર પીણાં મળ્યાં. સમરસિંહે તેમાં પણ અરુચિ દર્શાવી. એણે કહ્યું કે હવે રમકડાને ફિનિશિંગ ટચ આપવાનો બાકી છે. અગર કશું પીશ-કારવીશ તો રંગકામમાં હાથ સ્ટેડી નહીં રહે.

રાધિકાએસંમતિમાગી, 'અમેફરીવારનિરાંતેતમારાઆસિપાઈઓનેજોઈએ?'

'જરૂર જુઓ' સમરે સંમતિ દર્શાવી.

અત્યાર સુધીમાં એક ઘોડેસવાર અંગ્રેજ જનરલ યાને સિપાહસાલાર અને તેર પગપાળા સિપાઈઓ રંગાયા હતા. નર્સરીની બારીની બેસણીના પથ્થર પર એ બધાને સુકાવા મૂક્યા હતા. મઝાની વાત એ હતી કે આગળ અગિયાર સિપાઈ, પછી ઘોડેસવાર સિપાહસાલાર અને પછી બે સિપાઈ, એવી રીતે રમકડાં ગોઠવવામાં આવ્યાં હતાં. રાધિકા ટકોર કર્યા વગર ન રહી શકી, 'સમરભાઈ, તમારો આ જનરલ બાપડો થોડોક બીકણ લાગે છે!! પોતાની ટુકડીની છેક આગળ એ કેમ નથી ચાલતો?'

આમ બોલીને રાધિકા આગળ વધીને સિપાહસાલારને આગળ કરવાની ચેષ્ટા કરવા ગઈ, પરંતુ સમરે ઉતાવળી બૂમ પાડી, 'ના, ના! બહેન. અડકશો નહીં! રંગ હજુ તાજા છે.

... અરે, આ સાહેબજાદાને પાછું શું થયું?'

ત્રણેય જણે બહારની પરસાળમાં નીકળીને જોયું.

(શું જોયું? સાહેબજાદાના તો ખૂનની વાત છે. ખૂન થયું કે ડિટેક્ટીવો અપરાધ નિવારી શકયા આવતે અઠવાડિયે વાર્તા પૂરી.)